# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

REACHING NATIONS

India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXIV | JANUARY 2023 | NO: 11


## પવિત્ર બાઈબલ

**કૃપા કરી આ ભાગ મોઢે કરો**

**પ્રભુની સ્તુતિ થાઓ!!**

**માથ્થી ૫:૧૧-૧૮**

૧૧. જ્યારે લોક તમારી નિંદા કરશે, ને પૂઠે લાગશે, ને મારે લીધે તમારી વિરૂદ્ધ તરેહ તરેહની ભૂંડી વાત અસત્યતાથી કહેશે, ત્યારે તમને ધન્ય છે.

૧૨. તમે આનંદ કરો તથા ઘણા હરખાઓ; કેમ કે આકાશમાં તમારો બદલો મોટો છે; કેમ કે તમારી અગાઉના પ્રબોધકોની પૂઠે તેઓ એમ જ લાગ્યા હતા.

૧૩. તમે જગતનું મીઠું છો; પણ જો મીઠું બેસ્વાદ થયું હોય તો તે શાથી ખારું કરાશે? બહાર ફેકવા તથા માણસોના પગ તળે છુંદાવા વગર તે બીજા કંઈ કામનું નથી.

૧૪. તમે જગતનું અજવાળું છો. પહાડ પર વસાવેલું નગર સંતાઈ રહ શકતું નથી.

૧૫. અને દીવો કરીને તેને માપ તળે નહિ, પણ દીવી પર મૂકવામાં આવે છે, ત્યારે ઘરમાંના બધાંને તે અજવાળું આપે છે.

૧૬. તેમ જ તમે તમારું અજવાળું લોકોની આગળ એવું પ્રકાશવા દો કે તેઓ તમારી રૂડી કરણીઓ જોઈને આકાશમાંના તમારા બાપની સ્તુતિ કરે.

૧૭. નિયમશાસ્ત્ર અથવા પ્રબોધકોની વાતોનો નાશ કરવાને હું આવ્યો છું, એમ ન ધારો; હું નાશ કરવા તો નહિ, પણ પૂર્ણ કરવા આવ્યો છું.

૧૮. કેમ કે હું તમને ખચીત કહું છું કે, આકાશ તથા પૃથ્વી જતા રહે ત્યાં સુધી સઘળાં પૂરાં થયા વગર નિયમશાસ્ત્રમાંથી એક કાનો અથવા એક માત્રા જતી રહેશે નહિ.

# આશીર્વાદિત નવું વર્ષ...

## ૨૦૨૩

## BLESSED NEW YEAR . . .2023

**"સર્વ પ્રકારની કડવાશ, ક્રોધ, કોપ, ઘોંઘાટ તથા નિંદા, તેમ જ સર્વ પ્રકારની ખુન્નસ તમારામાંથી દૂર કરો. પણ તમે એકબીજા પ્રત્યે માયાળુ અને કરુણાળુ થાઓ અને જેમ ખ્રિસ્તમાં દેવે પણ તમને માફી બક્ષી તેમ તમે એકબીજાને ક્ષમા કરો."** એફેસીઓને પત્ર ૪:૩૧-૩૨


*ડો. એ. રીચાર્ડ સેમ્યૂએલ*


જ્યારે પણ આપણે નવા વર્ષમાં પ્રવેશીએ છીએ, ત્યારે આપણે નવા ઠરાવો વિશે વિચાર કરીએ છીએ. પણ, દુખદ રીતે, આપણે તે યાદ કરવાનો પણ પ્રયાસ નથી કરતા કે આપણે પાછલા વર્ષે શું ઠરાવો ક્ર્યા હતા અને કેટલા તેમાંથી પૂરા કર્યા હતા. કોઈકે મજાકમાં કહ્યું છે કે, "નવા વર્ષના ઠરાવો તોડવા માટે કરવામાં આવે છે."

નવા વર્ષના ઠરાવો જીવંત રાખવા તે એક સંઘભાવનાનું કાર્ય છે. જ્યારે ઈસુને વધસ્તંભે જડવામાં આવ્યા હતા ત્યારે જે શિષ્યોને ઈસુએ શિક્ષણ આપ્યુ હતું, તેઓ તેમને છોડીને જતા રહ્યા હતા. તેમના પુનરુત્થાન પછી, ઈસુએ ગાલીલના પહાડ પર તેમના શિષ્યોને એકઠા થવા કહ્યું હતું. માથ્થી ૨૮:૧૬. તેમણે આજ્ઞા પાળી હતી પણ જ્યારે થોડું મોડું થયું ત્યારે શિષ્યો તેમના મૂળ વ્યવસાય તરફ પાછા ફર્યા હતા - માછીમારી - યોહાન ૨૧:૧-૪. આપણે પ્રેરિતોના કૃત્યોનાં ૨જા અધ્યાયમાં વાંચીએ છીએ, કે પચાસમાના દિવસે ઈશ્વરના પવિત્ર આત્માએ ઉપલી મેડીમાં શિષ્યોની મુલાકાત લીધી હતી. શિષ્યોને સામર્થ્યવાન કરવામાં આવ્યા હતા અને ત્યાં તેમની અંદર અસાધારણ બદલાવ આવ્યો હતો. તેઓ સુવાર્તાના નીડર પ્રચારક બન્યા હતા. જ્યારે આપણે નવા વર્ષના ઠરાવો કરીએ છીએ, ત્યારે આપણે ચોક્કસ સમજવું જોઈએ કે ઈશ્વરની સહાય વગર નવા વર્ષના ઠરાવો સાથે બીજું કંઈ કરી શકતા નથી.

યોહાન ૧૫:૫ કહે છે, "**હું તો દ્રાક્ષાવેલો**


(અનુસંધાન પાન ૩ પર)


## ઈકો આફ હીજ કોલ - યૂટ્યૂબ ચેનલ !
## પાળક સામ સેલ્વરાજ સાથે પ્રાર્થના !!




અમારા સુવાર્તા સંદેશાઓ દરરોજ સવારે ૫.૦૦ વાગે અને સાથે સાથે દર રવિવારે સવારે ૮.૩૦ વાગે તામિલમાં અમારી યૂટ્યૂબ ચેનલ પર અપલોડ કરવામાં આવે છે, પ્રસારિત કરવામાં આવે છે, ટૂંક સમયમાં, અમે અમારા સંદેશાઓ અંગ્રેજી તથા હિન્દીમાં પણ યૂટ્યૂબ પર અપલોડ કરીશું. કૃપા કરીને અમારા માટે પ્રાર્થના કરશો અને તમારા વિચારો જણાવશો. તમે વ્યક્તિગત રીતે આ મુજબ દરરોજ સવારે **ઈકો ઓફ હીજ કોલના પ્રાર્થના ભાગીદાર તરીકે પાળક સામ સેલ્વરાજ સાથે પ્રાર્થનામાં જોડાઈ શકો છો. - મેરી તથા ક્રિસ્ટી ચિન્નિયા, નિર્દેશકો**

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## *from your dearly beloved brother...*

REACHING NATIONS





### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.


**CHIEF EDITOR**
Angeline Selvakumari Henry, M.A., M.Ed.

**MANAGING EDITOR**
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**ADMINISTRATION**
Bro. N. Prakasam, M.A., General Manager

**EDITORIAL BOARD**
Sis. Jesy Veena Sam
Sis. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Dr. A. Richard Samuel, M.A., Ph.D.
Rev. Dr. K.R. Rajasekaran

**EDITOR, PUBLISHER & PRINTER**
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 95661 31858

**CORE LEADERS**
Bro. K. Puratchivendan
Bro. A. Edward Durai
Bro. A. Alvin
Bro. K. Abraham
Sis. Dhanalakshmi Chinnaiah

**E.mail ID**
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

**YOUTUBE CHANNEL**
Echo of His Call


## "... અને તારી આશા રદ જશે નહિ."

**- નીતિવચનો ૨૩:૧૮**

પ્રભુમાં પ્રિય વહાલાઓ,

અમે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત તથા તારનાર ઈસુ ખ્રિસ્તના નામમાં તમને વર્ષ ૨૦૨૩ના નવા વર્ષની શુભેચ્છા પાઠવીએ છીએ. અમે સર્વ માન અને આદર આપણા ઈશ્વર પ્રભુને આપીએ છીએ. જેઓ અમને આટલા વર્ષો દરમિયાન દોરી રહ્યા છે.

તમે કેમ છો? અમારા હૃદયમાં ખરા બોજ સાથે, અમે તમારા માટે અને તમારી જરૂરીયાતો માટે પ્રાર્થના કરીએ છીએ. અમે દરેક જણ, જેઓ અમારા સંપર્કમાં છે, તેમને માટે તથા દરેક પ્રાર્થના ભાગીદાર, વિશ્વાસના ભાગીદાર, લવાજમ ભાગીદાર, જીવનના ભાગીદાર તથા મહાન આદેશના ભાગીદાર માટે અલગ વ્યક્તિગત ફાઈલ તથા નોંધવહીઓ રાખી છે. અમે તેને અમારી જવાબદારી તરીકે લીધી છે કે તમારા માટે તથા તમારી પરિસ્થિતિઓ માટે પ્રાર્થના કરવી, અમારા હૃદયને તથા આત્માને પ્રાર્થનાઓમાં મૂકતા. મેં મારા વ્યક્તિગત ઓરડામાં ખાસ "પેન્સીલ પ્રાર્થના ચટાઈ" માટે અલગ જગા રાખી છે અને આ "પેન્સીલ પ્રાર્થના ચટાઈ" દિવસમાં ૨૪ કલાકો પ્રાર્થના માટે તૈયાર હોય છે. આપણા પ્રભુ ઈશ્વર અમારી પ્રાર્થનાઓ સ્વીકારશે અને તમને સર્વને આશીર્વાદિત કરશે. કશાને માટે ગભરાવો નહિ. ઈશ્વર આપણી સાથે છે. અમે ઈશ્વરના બાળકોના ચહેરાઓ પરની મુશ્કેલીઓ અને તકલીફો વિશે સારી રીતે જાણીએ છીએ. તેથી હિમ્મતવાન બનો. આ નવા વર્ષમાં ઈશ્વર તમારા માટે મોટી બાબતો કરશે. '**હે દેશ, બીશ મા, ખુશી થા ને આનંદ કર; કેમ કે યહોવાએ મહાન કાર્યો કર્યા છે.**" યોએલ ૨:૨૧.

અમને સ્વતંત્ર મંડળીઓ અને મિનિસ્ટ્રીઓ વિશે કેટલીક જાણકારી પ્રાપ્ત થઈ છે. અમે સમજીએ છીએ કે ભારતમાં ભવિષ્યમાં આવી મિનિસ્ટ્રીજને માટે મુશ્કેલ પરિસ્થિતિઓ ઊભી થઈ શકે છે. તેથી આવા ઈશ્વરના સેવકોએ ચોક્કસ કાળજી રાખવી જોઈએ અને આ સમયોમાં જે જરૂરી છે તે કરવું જોઈએ. જો તમે ઈશ્વર પ્રભુની સ્વતંત્રપણે સેવા કરો છો, અને કોઈ સંસ્થાની હેઠળ નથી, તો તમારી મિનિસ્ટ્રીને કોઈ નોંધણીકૃત આત્મિક સંસ્થાની સાથે અધિકૃત રીતે સહયોગી બનાવો. જો તમે કોઈ સંસ્થા સાથે જોડાયેલા હતા, પણ હવે સ્વતંત્રરીતે કાર્ય કરો છો, તેના આગેવાનો સાથેના કેટલાક મતભેદોને કારણે, તો કૃપા કરીને સર્વ ગેરસમજણ ભૂલી જાઓ અને તમારા સંબંધો ફરી બાંધો, તમારા આગેવાનોને સમર્પિત થાઓ અને તેમને સહયોગ આપો અને તમારા પદને સંસ્થામાં દ્રઢ કરો. વધુમાં, તમારા પડોશીઓ સાથે સારા સંબંધો જાળવી રાખો, ભલે તે કોઈ પણ ધર્મના હોય. તમે કેક કે ફળો દ્વારા વ્યક્તિગત રીતે તેઓને નાતાલમાં મળી શકો છો. કૃપા કરીને આ સલાહ માનો અને આ બાબતમાં લાપરવાહ ન બનો.

ભવિષ્યમાં, તમારી મિનિસ્ટ્રીને ઈશ્વરની દોરવણી અને માણસોની કૃપાની જરૂર છે. "**જુઓ, વરુઓમાં ઘેટાંના જેવા હું તમને મોકલું છું; માટે તમે સાપના જેવા હોશિયાર તથા કબૂતરના જેવા સાલસ થાઓ.**" માથ્થી ૧૦:૧૬. અમારી પાસે કેટલાક કાર્યક્ષમ વકીલો, હિસાબનીસ અને બાઈબલ વિદ્વાનો છે, જેઓ તમને સેવા કરવાના મન સાથે મદદ કરવા ઈચ્છે છે.

જો તમે પૂર્ણ સમયના ઈશ્વરના સેવક છો, કોઈ પણ જાતની ઈશ્વરવિદ્યાની ડીગ્રી વિના પણ વિશ્વાસ સાથે પ્રભુની સેવા કરો છો, કેમ કે પ્રભુએ તમને તેડ્યા છે તેમની સેવા માટે તો તમારે તમારી જાતને કોઈ બાઈબલ કોલેજ સાથે નોંધણી કરાવવી જોઈએ, અથવા કોઈ આંતર

શિક્ષણ પદ્ધતિ સાથે અથવા ઓછામાં ઓછું ઈશ્વરવિદ્યાનો અભ્યાસક્રમ કોઈ ઓન-લાઈન પદ્ધતિથી શીખવો જોઈએ અને પ્રમાણપત્ર મેળવવું જોઈએ. જો તમારી પાસે કોઈ ઈશ્વરવિદ્યાનું કે મિનિસ્ટ્રીયલ સંસ્થાનું પ્રમાણપત્ર નથી, તો તરત જ તે મેળવવા પ્રયત્ન કરો. મિનિસ્ટ્રીયલ સંસ્થાનું પ્રમાણપત્ર તમને ઘણું મદદરૂપ થશે. આને માટે તમારે નાણાં ખર્ચવાની જરૂર નથી. આપણે બધા સાથે જોડાશું અને સાથે મળીને કાર્ય કરીશું. **''ભાઈઓ, સંપસંપીને રહે તે કેવું સારું તથા શોભાયમાન છે.''** ગીતશાસ્ત્ર ૧૩૩:૧.

જો તમને આ બાબતમાં કોઈ મદદની જરૂર હોય તો, તમે અમારો સંપર્ક પત્ર દ્વારા કે ઈમેલ દ્વારા કરી શકો છે. જેટલી શક્ય હોય તેટલી અમે મદદ કરીશું. આવો આપણે સાથે આગળ આવીએ! આવો આપણે વિજયવંત થઈએ!!

ઈશ્વર ઈચ્છા હશે, તો અમે અલગ અલગ સ્થળોએ મુસાફરી કરવા માગીએ છીએ અને ઈશ્વરના સેવકોને નવા વર્ષમાં સુવાર્તિક, બાપ્તિસ્મા અને મિનિસ્ટ્રીયલ સંસ્થાઓ મારફત સામર્થ્યવાન બનાવવા માગીએ છીએ. કૃપા કરીને હમણાથી જ પ્રાર્થન કરવાનું શરૂ કરો કે અમે સારી તંદુરસ્તી સાથે સારી કૌટુંબિક સ્થિતિ સાથે અને સારી નાણકિંય સ્થિતિમાં હોઈએ.

હાલમાં અમે અમારા સંદેશાઓ **ઈકો ઓફ હીજ કોલ**ની યુટ્યૂબ ચેનલ મારફત દરરોજ સવારે ૫.૦૦ વાગે અને રવિવારે સવારે ૮.૩૦ વાગે પ્રસારિત કરીએ છીએ. તમે તે જોઈ શકો છો અને સૂચના મેળવવા માટે તેને સબસ્ક્રાઈબ કરી શકો છો.



*Media Ministry*

અમારી મિનિસ્ટ્રી પાસે કાયમી નાણાકિંય સહાયતા નથી. અપણા પ્રભુ ઈસુ અમારું પૂરૂ કરનારા છે. જેમ ઈશ્વર દોરે તેમ તમે અમારી મિનિસ્ટ્રીને સહાય કરવા આગળ આવી શકો છો.

ઈશ્વર પ્રભુ જેમણે અમારા હાથો પકડી રાખ્યા છે અને છેલ્લા ૫૪ વર્ષોથી અમને દોરી રહ્યા છે, તેઓ તમને પણ ભરપૂરીપણાથી આશીર્વાદિત કરશે! આમીન.

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**

**પાળક એસ. સામ સેલ્વ રાજ અને એલેક્ષ સેમસન સામ**

(+91) 98412 71858 / 98410 71858,
E.mail : samselvaraj333@gmail.com

---

(પાન ૧ પરથી આગળ...)

**છું, ને તમે ડાળીઓ છો; જે મારામાં રહે છે, અને હું તેનામાં, તે જ ઘણાં ફળ આપે છે. કેમ કે મારાથી નિરાળા રહીને તમે કંઈ કરી શકતા નથી.''** તેથી આવો આપણે ૨૦૨૩ના નવા વર્ષમાં એ સત્યની ખાતરી સાથે પ્રવેશીએ કે ઈશ્વરની ભાગીદારી વગર આપણે કશું કરી શકતા નથી પણ ઈશ્વરને માટે દરેક બાબત શક્ય છે.

આપણામાંના મોટા ભાગના લોકોએ રેલ્વે સ્થાનક પર કે મુખ્ય બસ સ્થાનક પર એક જાહેરાતનું પાટીયું જોયું હશે કે, ''ઓછો સામાન, વધુ સગવડ, મુસાફરીને સુખદ બનાવે છે.'' આપણી દુન્યવી મુસાફરીમાં જ નહિ પણ આપણા જીવનની મુસાફરીમાં પણ, આ નિવેદન અર્થપૂર્ણ છે. ઘણી વખત વધારાનો સામાન જે આપણે રાખીએ છીએ તેનાથી આપણા જીવનો આપણા માટે જ નહિ પણ બીજાઓ માટે પણ દુઃખદાયક બની જાય છે. ઘણા લોકો ભારે સામાન વર્ષોથી ઊંચકીને ફરે છે, જેમ કે ભૂલો, નુકસાન, વેદના, ખરાબ પસંદગીઓ, ગુસ્સો, કડવાશ, હતાશા, નિષ્ફળતા વગેરે, આ સર્વ આપણા હાલના અને ભવિષ્યના સંબંધો પર પાણી ફેરવી શકે છે અને સમાંતર નુકસાન પેદા કરે છે. ખ્રિસ્તમાં, ત્યાં આપણી ભૂતકાળની ભૂલો માટે કોઈ નિંદા નથી કેમ કે આપણને શાશ્વત કૃપાથી આવરી લેવામાં આવ્યા છે. આ સમય છે કે આપણે નકામા ભાર ઊતારી મૂકીએ જે આપણે ઊંચકીને ફરીએ છીએ અને મુક્તપણે જીવવાનું શીખીએ. આ બીનજરૂરી ભાર આપણા જીવનની મુસાફરીને બોજારૂપ અને ભારરૂપ કરી દે છે.

આપણા પ્રભુ ઈશ્વર પાસે આપણ દરેકને માટે યોજના છે. તેમના ઈરાદા આપણી વૃધ્ધિ માટે છે, નહિ કે આપણા નુકસાન માટે. યર્મિયા ૨૯:૧૧. અમે અમારી આત્મિક મુસાફરી ઈશ્વરની ઈચ્છા સમજીને અને તેમના અમારા માટેના ઈરાદાઓ સમજીને શરૂ કર્યા છે. આ અમને અમારી મુસાફરીમાં દોરવણી પૂરી પાડે છે અને અમારા ધ્યેય પર અમને લક્ષ આપવામાં મદદ કરે છે.

પાઉલ પ્રેરિતે એફેસીઓને તેના પત્રમાં વિગતવાર સ્પષ્ટપણે બીનજરૂરી સામાન વિશે જણાવ્યું છે, જે આપણી મુસાફરીમાં અવરોધરૂપ છે. **''સર્વ પ્રકારની કડવાશ, ક્રોધ, ઘોંઘાટ તથા નિંદા, તેમજ સર્વ પ્રકારની ખુન્નસ તમારીમાંથી દૂર કરો. પણ તમે એકબીજા પ્રત્યે માયાળુ અને કરુણાળુ થાઓ, અને જેમ ખ્રિસ્તમાં દેવે પણ તમને માફી બક્ષી તેમ તમે એકબીજાને ક્ષમા કરો.''** એફસીઓને પત્ર ૪:૩૧,૩૨. ઉપરાંત, પાઉલ સલાહ આપે છે કે આપણે આપણી મુસાફરીમાં ફક્ત જરૂરી સામાન રાખીએ અને તે આપણી મુસાફરીને સગવડભરી અને સુખદાયક બનાવશે અને આપણા સહમુસાફરોની પણ.

પાઉલ ૬ બીનજરૂરી સામાનની નોંધ આપે છે, જે આપણે ઊંચકી લઈ જઈએ છીએ.

૧. કડવાશ
૨. ક્રોધ
૩. કોપ
૪. ઘોંઘાટ
૫. નિંદા
૬. ખુન્નસ

અને સહાયરૂપ, ઉપયોગી અને જરૂરી સામાન જે આપણે રાખવો જોઈએ તે :

૧. ભલાઈ / માયાળુપણું
૨. કરુણાપણ
૩. માફી બક્ષનાર સ્વભાવ

## ૧. કડવાશ

કડવાશ એ લાગણી છે જેનાથી છુટકારો મેળવવો મૂશ્કેલ હોય છે. આ લાગણી આપણને તે લોકો સાથે સમાધાન કરવાની મંજૂરી આપતી નથી જેમણે આપણને દુઃખ પહોંચાડ્યું છે. આપણે શાબ્દિક રીતે લાગણીને પોષીએ છીએ અને આપણને થયેલા અપમાન અને નૂકસાન પર ધ્યાન આપીને હમેશાં તેને

ગરમ રાખીએ છીએ. તે કેન્સર છે જે ફેલાય છે અને આપણા મનના આનંદને અને શાંતિને મારી નાખે છે. આ વધારાનો સામાન આપણી મુસાફરીને ભારૂરૂપ બનાવે છે.

## ૨. ક્રોધ

તેમની કોમેન્ટરીમાં, બાર્કલે કહે છે કે આ એક પ્રકારનો ક્રોધ છે જે તણખલાની જેમ સળગે છે, જેની જ્વાળા જલ્દી સળગી ઊઠે છે. આપણે એ કહેવત ઘણી વખત વાંચીએ છીએ, ‘‘ગુસ્સામાં’’. આ ખરાબ ગુસ્સો ઘણી વખત મોટેથી બૂમ પાડીને વ્યક્ત થાય છે. તે એક બહાર નીકળતો ક્રોધ છે જ્યારે કોઈને લાગે કે તેની સાથે ખોટું થયું છે.

ખ્રિસ્તી વિશ્વાસીઓ પણ ક્રોધથી અપવાદરૂપ નથી. એક સવારે જોન દેવળમાં જવા ગાડી હંકારી રહ્યો હતો. રસ્તા પર વાહનોની ભીડ વધારે હતી. તે સમયે એક બીજી ગાડી જે જોનની ગાડીની પાછળ હતી, તે ગાડીનો ચાલક તેનાથી આગળ જવા વારંવાર હોર્ન વગાડી રહ્યો હતો. જોન તેને માર્ગ આપી શક્યો નહિ કેમ કે ત્યાં આગળ જવા દેવા કોઈ જગ્યા જ ન હતી. કોઈક રીતે તે પાછળ આવનાર તેની ગાડી આગળ લઈ ગયો અને જ્યારે તે બાજુમાંથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે તેણે જોનને અપશબ્દો કહ્યા. જોનને ખોટું લાગ્યું પણ તેણે પોતાનો ગુસ્સો રોકી રાખ્યો હતો. જ્યારે જોન દેવળમાં દાખલ થયો ત્યારે તેણે તે જ ગાડી દેવળના આંગણામાં ઉભેલી જોઈ. તેને તે વાતનો વધારે આઘાત લાગ્યો જ્યારે તેણે જોયું કે જે વ્યક્તિ તે ગાડી ચલાવી રહ્યો હતો, તે આ મંડળીનો નવો પાળક હતો, જેને આજે મંડળીની જવાબદારી લેવાની હતી. કલ્પના કરો નવા પાળકના વિષમ મનસ્થિતિની જ્યારે તે મંડળીની ભજનસેવા પછી, જોનને મળી રહ્યો હતો. આવા રસ્તા પરના ક્રોધને ખ્રિસ્તીઓએ પૂર્ણપણે ટાળવો જોઈએ અને તેમની ખ્રિસ્તીઓ તરીકેની સાક્ષીને ઊંચી રાખવી જોઈએ.

## ૩. કોપ

કોપને બે પ્રકારમાં વિભાજીત કરી શકાય છે. અ) યોગ્ય કોપ અને બ) અયોગ્ય કોપ. ઈસુએ તેમનો ગુસ્સો ઠાલવ્યો જ્યારે તેમણે તેમના પિતાના મંદિરને, ઘરને **‘‘લૂટારાઓનાં કોતરોમાં’’** બદલાયેલું જોયું હતું. માથ્થી ૨૧:૧૩. તેમણે કોરડો લીધો અને સઘળા વેચનારાઓને બહાર કાઢી મૂક્યા. તેનાથી વિપરીત, આપણને માનવીય રીતે આ યોગ્ય કોપ બતાવવો મુશ્કેલ થાય છે, કેમ કે આપણી લાગણીઓ પાપથી કલંકિત થઈ છે, બાઈબલ અનુસાર, આપણે પાપની સામે આપણો કોપ ચોક્કસ બતાવવો જોઈએ. **‘‘હે યહોવા પર પ્રેમ કરનારાઓ, તમે દુષ્ટતાનો દ્વેષ કરો.’’** ગીતશાસ્ત્ર ૯૭:૧૦. **‘‘તમારા કોપમાં પાપ ન કરો.’’** ગીતશાસ્ત્ર ૪:૪. પાઉલ આવા જ શબ્દો એફેસીઓને પત્ર ૪:૨૬માં ટાંકે છે, તેની સાથે ઠપકો પણ ઉમેરે છે – **‘‘ગુસ્સે થાઓ, પણ પાપ ન કરો, તમારા ક્રોધ પર સૂર્યને આથમવા ન દો.’’** એફસીઓને પત્ર ૪:૨૬-૨૭.

જો આપણે ડાહ્યા છીએ, તો આપણે ક્રોધ કરવામાં ધીમા હોવા જોઈએ, યાકૂબનો પત્ર ૧:૧૯, ૨૦ ને યાદ કરતા, **‘‘...દરેક માણસ... ક્રોધમાં ધીરો થાય; કેમ કે માણસના ક્રોધથી દેવનું ન્યાયીપણું પાર પડતું નથી.’’** તેથી પાઉલ ત્રણ સૂચનો મૂકે છે. આ બીજજરૂરી અને ભારે સામાનથી છૂટકારો મેળવવા માટે. પ્રથમ, ‘‘પાપ ન કરો.’’ ન્યાયી ગુસ્સાં કેવી રીતે બતાવવો અને હજુ પણ પાપ નથી તે પ્રશ્ન આપણા ઉઠે છે? જોન સ્કોટ, તેમના બીઈસટી શ્રુખંલામાં એફેસીવાસીઓને સંદેશમાં, જવાબ આપે છે, ‘‘આપણે ખાતરી કરવી જોઈએ કે આપણો ક્રોધ ઈર્જાગ્રસ્ત ગર્વ, દ્વેષ, અદાવત અને બદલાની ભાવનાથી મુક્ત છે. બીજુ સૂર્ય આથમતા પહેલા આપણે આપણા ક્રોધ પર કાબૂ પામવો જોઈએ. આનો અર્થ છે કે આપણે આપણા ક્રોધને પોષવો ન જોઈએ અને તેને દિવસો સુધી દૂર રાખવો જોઈએ. ત્રીજું, આપણે શેતાનને આપણા જીવનોમાં પગ મૂકવા ન દેવો જોઈએ. આપણે આપણા ક્રોધને કારણે તેને તિરસ્કાર, અથવા હિંસા કે સંગતના ભંગમાં ઉશ્કેરીને, શેતાનને લાભ આપવો ન જોઈએ. તો પણ એક વધૂ સૂચના આ ભારે સામાનથી છૂટકારો પામવા જ્ઞાની રાજા સુલેમાને આપી છે, **‘‘નમ્ર ઉત્તર ક્રોધને શાંત કરી દે છે, પણ કઠોર શબ્દો રીસ ચઢાવે છે.’’** નીતિવચનો ૧૫:૧. તેથી આપણે આપણી સરળ મુસાફરી માટે ચોક્કસ ભારે ભાર, ક્રોધ દૂર કરવો જોઈએ.

## ૪. ઘોંઘાંટ

ઘોંઘાટ એ લડાઈ કે ઝઘડો છે જે તોફાની, ઘોંઘીટીયું અને અનિયંત્રિત રીતનો હોય છે. ઘણી વખત આપણે જોઈએ છીએ, ખાસ કરીને પાસ્ટોરેટ કમિટીના સભ્યો દેવળની અંદર બોલાચાલી કે ઘોંઘાટ કરીને બદનામી લાવે છે. શું આપણે પોલીસની મધ્યસ્થી થતી સાંભળી નથી પાસ્ટોરેટ કમિટીની ચૂંટણીઓ વખતે? અધ્યક્ષના ગુણો, પાઉલે તિમોથીને લખેલા પ્રથમ પત્રમાં નોંધવામાં આવ્યા છે, **‘‘કે અધ્યક્ષ તો મદ્યપાન કરનાર નહિ,**

(પાન ૬ પર...)


**નહેમ્યાહ બાઈબલ**

**નીવાસી અને સાંધ્ય કોલેજ**

વેલાચેરી / ચેપોક તથા સંથોષપૂરમ, ચૈનાઈ

माध्यम : हिंदी/तामिल

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર – ATA

આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો

દ્વારા છેલ્લા ૫૩ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.

**ઇશ્વર વિદ્યામાં સર્ટીફિકેટ : એક વર્ષ**

**ઇશ્વર વિદ્યામાં ડિપ્લોમા : બે વર્ષ**

**શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ**

પ્રવેશ લેવા ઝડપ કરો! મહેરબાની કરીને સંપર્ક કરો

**Contact : The Chairman, Nehemiah Bible College.**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

★ ઓનલાઈન ક્લાસ ઉપલબ્ધ છે ★

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)



## સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ જાન્યુઆરી ૨૦૨૩ થી ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૩ સુધી

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**૧૯ જાન્યુઆરી:** અમારા મુખ્ય ચર્ચમાં તથા શાખા ચર્ચોમાં નાતાલ તથા નવા વર્ષની ભજનસેવાઓ ભરાવવામાં સક્ષમ કરવા માટે.

**૨૦ જાન્યુઆરી:** **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજ** અને **થીઓલોજીકલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો**ની સર્વ પ્રવૃતિઓ માટે.

**૨૧ જાન્યુઆરી:** અમારા મુખ્ય ચર્ચમાં પુરુષોની સભાઓ પર તેમના આશીર્વાદો માટે.

**૨૨ જાન્યુઆરી:** અમારા પ્રકાશનો જે ૧૬ ભાષાઓમાં અમારા છાપખાનામાં છપાય છે અને મિશન વિસ્તારોમાં મોકલાય છે, તેના પરના તેમના આશીર્વાદો માટે.

**૨૩ જાન્યુઆરી:** પાછલા મહિનાની અમારી સર્વ નાણાકીય તથા આત્મિક જરૂરીયાતો પૂરી પાડવા માટે.

**૨૪ જાન્યુઆરી:** અમારા પાળક એસ.સામ સેલ્વરાજ અને તેમના કુટુંબ પર ભરપૂર આશીર્વાદો માટે.

**૨૫ જાન્યુઆરી:** ઈશ્વરવિદ્યાના પરિસંવાદો નિયમિત ભરાવામાં અમને સક્ષમ કરવા માટે.

**૨૬ જાન્યુઆરી:** અમારા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવન ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પરની તેમની દયા માટે.

**૨૭ જાન્યુઆરી:** અમારા નિવાસી **નહેમ્યા બાઈબલ કોલેજ**ના વિદ્યાર્થીઓ માટે સંગીતના વર્ગો પૂરા પાડવા માટે.

**૨૮ જાન્યુઆરી:** નવા વિશ્વાસીઓ સાથે અમારા ચર્ચને આશીર્વાદિત કરવા માટે.

**૨૯ જાન્યુઆરી:** અમારી સંસ્થાને નવા કર્મચારીઓ સાથે આશીર્વાદિત કરવા માટે.

**૩૦ જાન્યુઆરી:** અમારી ગ્રામ્ય શાળાના **(સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ)** ગરીબ વિદ્યાર્થીઓ માટે સંગીતના વર્ગો (કિબોર્ડ અને ગિટારના) ભરાવવા માટે.

**૩૧ જાન્યુઆરી:** અમારા સહસંપાદકો માટે અને તેમના સહયોગી માટે.

**૦૧ ફેબ્રુઆરી :** સાંજના સમયે અમારા નિવાસી **નહેમ્યા બાઈબલ કોલેજ**ના વિદ્યાર્થીઓ રમી શકે તે માટે કેરમ બોર્ડ તથા ચેસ બોર્ડ ખરીદવામાં અમને સક્ષમ બનાવવા માટે.

**૦૨ ફેબ્રુઆરી :** અમારા મુખ્ય ચર્ચ અને શાખા ચર્ચો માટે અને તેમાંના વિશ્વાસીઓ માટે.

**૦૩ ફેબ્રુઆરી :** અમારી હોસ્પિટલ મિનિસ્ટ્રીમાં ઈશ્વરના ચમત્કારો માટે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**૦૪ ફેબ્રુઆરી :** સર્વ ખ્રિસ્તી સંસ્થાઓ પર અને મંડળીઓ પર આશીર્વાદ અને રક્ષણ માટે.

**૦૫ ફેબ્રુઆરી :** દુનિયાભરમાં શાંતિ માટે.

**૦૬ ફેબ્રુઆરી :** મહિલાઓ અને બાળકોની વિરુદ્ધ થતી હિંસાની વિરુદ્ધ ઈશ્વરના રક્ષણ માટે.

**૦૭ ફેબ્રુઆરી :** આ મહિનામાં **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ** માટે જરૂરી ભંડોળ પૂરૂ પાડવા માટે.

**૦૮ ફેબ્રુઆરી :** **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી**ના સર્વ કર્મચારીઓના સારા સ્વાસ્થ્ય માટે.

**૦૯ ફેબ્રુઆરી :** આપણા દેશની દરેક બાબતમાં એકતા તથા વિકાસ માટે.

**૧૦ ફેબ્રુઆરી :** અમારા સહસંપાદકો અને તેમના કુટુંબો માટે.

**૧૧ ફેબ્રુઆરી :** અમારા વડિલ પાળકને તેમની આત્મકથાના લેખનને ઈશ્વરની મંજૂરી માટે તથા આગળ વધારવામાં તેમની ઉદારતા માટે.

**૧૨ ફેબ્રુઆરી :** આ મહિનાની અમારી સર્વ જરૂરીયાતો પૂરી પાડવા માટે.

**૧૩ ફેબ્રુઆરી :** તેમના રાજ્યને પૃથ્વી પર બાંધવા માટે આપણને ધ્યેય આપવા માટે.

**૧૪ ફેબ્રુઆરી :** ભારતના વણખેડાયેલા જુથો સુધી અમને પહોંચાડવા માટે.

**૧૫ ફેબ્રુઆરી :** અમારી સંસ્થા પર, સર્વ કર્મચારીઓ પર અને તેમના કુટુંબો પર આશીર્વાદો માટે.

**૧૬ ફેબ્રુઆરી :** **ઈકો ઓફ હીજ કોલ**ની જુવાનોની અને બહાર જવાની મિનિસ્ટ્રીજ માટે.

**૧૭ ફેબ્રુઆરી :** અમારા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબના સારા સ્વાસ્થ્ય માટે.

**૧૮ ફેબ્રુઆરી :** સર્વ નશાબંધાણીઓ અને દુષ્ટતા કરનારાઓને પસ્તાવો થાય તે માટે.

(પાન ૪ પરથી આગળ...)

**મારનાર નહિ કે કજિયા કરનાર નહિ પણ સહનશીલ, દ્રવ્યલોભી નહિ... એવો હોવો જોઈએ.''** જ્ઞાની રાજા સુલેમાન સૂચવે છે કે,''**... કજિયાખોર સ્ત્રીની સાથે વિશાળ ઘરમાં રહેવા કરતાં અગાસીના એક ખૂણામાં રહેવું તે સારું છે.''** (નીતિવચનો ૨૧:૯).

## ૫. નિંદા

નિંદા એ બીજાઓ માટે ખરાબ બોલવું છે, ખાસ કરીને તેમની પીઠ પાછળ. આ બોલવું ફક્ત તેમની જ પ્રતિષ્ઠાને બગાડતી નથી પણ બીજાઓને પણ બગાડે છે. ગણના ૧૨.૧. જ્યારે મૂસા એક કૂશી સ્ત્રીને પરણે છે ત્યારે મરિયમ તથા હારુન તેની નિંદા કરે છે, તે વાત જણાવે છે. **''અને યહોવાએ તે સાંભળ્યું.''** ગણના ૧૨.૨. યહોવા પ્રભુ ક્રોધે ભરાયા હતા અને મરિયમ તથા હારુનને કહ્યું હતું કે, ''**... તો તમે મારા સેવક મૂસાની વિરુદ્ધ બોલતાં કેમ બીધાં નહિ?''** ગણના ૧૨.૮. તરત જ ઈશ્વરનો કોપ તેમના પર આવ્યો અને મરિયમને કોઢ લાગ્યો હતો. આપણા મોંમાથી જે હરેક શબ્દ બહાર આવે છે, તેનો આપણે હિસાબ આપવો પડશે. **''માટે જે કંઈ તમે અંધકારમાં કહ્યું છે તે અજવાળામાં સંભળાશે; અને ઓરડીમાં જે કંઈ તમે કાનમાં કહ્યું હશે તે ધાબા પર પ્રગટ કરાશે.''** લૂક ૧૨.૩માં આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત ચેતવણી આપે છે. તે કારણ છે કે, યાકૂબે જીભને વશમાં રાખવા વિશે યાકૂબના પત્રમાં ૩જા અધ્યાયમાં લાંબો ઉપદેશ આપ્યો છે. નિંદા એ જોખમી અનિચ્છનીય ભાર છે. તેને દૂર ફેંદી દો.

## ૬. ખુન્નસ

ખુન્નસ એ ખરાબ ઈચ્છા છે અને કદાચ લોકો વિરુધ્ધ દુષ્ટતાનું કાવતરું ઘડવા બરાબર છે. ખુન્નસ માટેનું સૌથી યોગ્ય ઉદાહરણ બાઈબલમાં ઉત્પતિના ૩૭માં અધ્યાયમાં જોવા મળે છે. યૂસફના ભાઈઓએ યૂસફની વિરુદ્ધ દુષ્ટ યોજના ઘડી હતી. **''અને હવે, ચાલો, આપણે તેને મારી નાખીએ, ને કોઈએક ખાડામાં તેને નાખી દઈએ, ને આપણે કહીશું કે, કોઈએક રાની પશુ તેને ખાઈ ગયું છે...''** ઉત્પતિ ૩૭:૨૦. પણ ઈશ્વરની ઈચ્છા જુદી હતી અને યૂસફનો જીવ રૂબેન દ્વારા બચવા પામ્યો હતો. પાછળથી ઈશ્વર યૂસફને મિસરના ઉચ્ચ અધિપતિના સ્તરે લઈ જાય છે અને તેના ભાઈઓને તેની પાસે જાય અને તેની આગળ નમે એવું કરે છે. એવી રીતે, હામાન મોર્દખાયની વિરૂદ્ધ દુષ્ટ યોજના કરે છે અને પચાસ હાથ ઊંચી એક ફાંસી બનાવે છે. એસ્તેર ૫:૧૪. પણ નાટકીયરીતે. તે યોજનાના બનાવનાર હામાનની વિરુદ્ધ જાય છે અને એક ફાંસી પર તેને મરવા માટે ફાંસી આપવામાં આવે છે. એસ્તેર ૭:૯

**આપણે જે છ અનિચ્છનીય સામાન લઈ જઈએ છીએ તે આપણી સરળ મુસાફરીને અવરોધે છે, તે સમજ્યા પછી, આપણે આ અવરોધરૂપ સામાનને કેવી રીતે દૂર ફેંકી શકાય તે શોધવાનું છે.**

**પ્રથમ અને મુખ્ય પગલું** જે આપણે લેવાનું છે તે છે પ્રામાણિક આત્મા શોધવાનો છે અન શોધવાનું છે કે આપણે શું વધુ ભાર ઊંચકી લઈ જઈ શકીએ છીએ. કડવાશ, ક્રોધ, કોપ, ઘોઘાંટ, નિંદા કે ખુન્નસ અને પછી આ પ્રક્રિયા પ્રાર્થનામાં યહોવા પ્રભુ પાસે લાવવાની છે અને આ વધારાના ભારને કાઢવા માટે તેમને વિનંતી કરવાની છે. વધુમાં, આપણે આ બાબત આપણા માર્ગદર્શક કે પ્રાર્થના-ભાગીદાર પાસે લઈ જઈ શકીએ છીએ, જેમના પર આપણે ભરોસો રાખી શકીએ. માર્ગદર્શક કે મિત્ર આપણને ખાસ મુશ્કેલીની બાબત કે અન્ય બાબતને કે જે આપણે ચૂકી ગયા હોય, તેને શોધવામાં મદદ કરશે.

**બીજુ પગલું** છે, તેનાથી છૂટકારો મેળવવો, તેને જવા દેવું. આ લાગણીઓથી છૂટકારો મેળવવો ઘણુ મુશ્કેલ હોય છે; આપણે આપણી શક્તિ કે પ્રયત્નોનો ઉપયોગ કરી શકતા નથી, કેમ કે બે વિરૂદ્ધ બળો આપણી અંદર હમેશા કામ કરે છે. એક ''સારું'' અને બીજુ ''ખરાબ''. આ સ્થિતિમાં, પાઉલ પોકારે છે, **''હું કેવો દુર્ભાગ્ય માણસ છું. મને આ મરણના શરીરથી કોણ મુક્ત કરશે.''** રોમનોને પત્ર ૭.૨૪. અને પાઉલ તે જવાબ ઈશ્વરમાં શોધે છે, ઘણી રાહત સાથે, **તે કહે છે, ''આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે હું દેવની આભારસ્તુતિ કરું છું.''** રોમનોને પત્ર ૭.૨૫. વધારેના સામાનથી છૂટકારો મેળવવા માટે આપણને સર્વશક્તિમાન ઈશ્વરના સામર્થ્યની જરૂર છે. આપણા પ્રભુએ આપણને એક સંબોધક અને દિલાસો આપનાર આપણને સહાય કરવા આપ્યો છે. ઈસુ, ઈશ્વરપુત્ર, આપણા માટે મધ્યસ્થી કરે છે, ઈશ્વરનો પવિત્ર આત્મા મુખોમાં યોગ્ય શબ્દો મૂકે છે, જ્યારે આપણે શબ્દોને માટે મુશ્કેલી અનુભવતા હોઈએ છીએ અને આપણા ઈશ્વરપિતા સાંભળે છે અને આપણી પ્રાર્થનાઓનો જવાબ આપે છે. આ આત્મવિશ્વાસ સાથે આપણે કૃપાના સિંહાસન પાસે જઈ શકીએ છીએ અને તેઓ આપણને છોડાવશે. પ્રભુ ઈસુએ આપણને પ્રાર્થના કરતા શીખવ્યું છે, ''ભૂંડાથી અમારો છૂટકો કર.'' આપણે આપણા જીવનોમાંના આ વધારેના સામાનથી છૂટકારો મેળવવા માટે ઈશ્વરને વિનંતી કરવાની છે.

**ત્રીજુ પગલું** છે આપણા જીવોને મારણથી પોષણ આપવાનું છે. કોઈપણ ઝેર માટે તેની સામે મારણ હોય છે. આજ સંદર્ભમાં પાઉલ એફસીઓને પત્રના ૪:૩૨માં ત્રણ મારણની સલાહ આપે છે, જે આ છ જોખમી લાગણીઓ સામે છે, જેણે આપણી મુસાફરી ભારરૂપ અને બોજારૂપ બનાવી છે. પાઉલ કહે છે; **''...પણ તમે એકબીજા પ્રત્યે માયાળુ અને કરૂણાળુ થાઓ, અને જેમ ખ્રિસ્તમાં દેવે પણ તમને માફી બક્ષી તેમ તમે એકબીજાને ક્ષમા કરો.''**

આપણે જે સલાહરૂપ અને જરૂરી સામાન ઊંચકીને લઈ જવાનો છે તે છે.

## ૧. માયાળુપણુ

માયાળુપણું એક ગુણ છે અને આ એક સર્વ જરૂરી ગુણોમાંની એક ગુણ છે જે આપણે સાથે રાખવો જોઈએ. તે લોકોને બતાવે છે કે આપણે અન્યોની કાળજી રાખીએ છીએ અને પરિણામે તે અન્ય લોકો જે પીડામાંથી પસાર થાય છે, તે દૂર કરે છે. ''ભલાઈ કે માયાળુપણું'' બતાવતી એટલી કોઈકને માટે સારા બનવું કે સારી ઈચ્છા રાખવી જેમને આપણી મદદની જરૂર છે. માયાળુપણું એ સામર્થ્યની એક સ્થિતિમાં વ્યક્તિનું વલણ છે જે સંબંધિત નબળાઈની સ્થિતિમાં કોઈક માટે કંઈક સારું કરે છે. માયાળુપણું એક વલણ છે આપવા માટે અને આપણે ઈરાદાપૂર્વક આપવાનું પસંદ કરીએ છીએ અને આપણી પાસે આપવા માટે ઘણું હોય છે! ખ્રિસ્તના મૃત્યુ અને પુનરુત્થાન દ્વારા, આપણને ભરપૂર જીવન, તારણ, મુક્તિ અને ઈશ્વરની ભરપૂર કૃપા પ્રાપ્ત થઈ છે. જ્યારે આપણે આપણી જાતમાં કદાચ નબળાઈ અનુભવીએ, ત્યારે આપણે ખ્રિસ્તમાં સામર્થ્યવાન હોઈએ છીએ. આ આપણને બીજાઓ પ્રત્યે ભલા થવામાં, માયાળું થવામાં સક્ષમ બનાવે છે. અને તેનો અર્થ છે, આપણે તેમને માફ કરી શકીએ છીએ. માફી આપવી એ નબળાઈ બતાવવા માટે નથી. તે ભલાઈ અને સામર્થ્યને બતાવવા માટે છે.

## ૨. કરુણાળુ

કરુણાળુનો શાંબ્દિક અર્થ છે, સાથે દુઃખી થવું. તે એવી લાગણી તરીકે દર્શાવવામાં આવે છે કે જ્યારે આપણે બીજાની વેદનાનો સામનો કરીએ છીએ, અને તે દુઃખને દૂર કરવા માટે પ્રેરિત થઈએ છીએ અને તે વ્યક્તિ માટે ઝડપથી સ્વસ્થ થવાની ઈચ્છા રાખીએ છીએ. કરુણા

એ છે જ્યારે આપણે કોઈકની પરિસ્થિતિ સાથે સંકળાઈએ છીએ અને આપણે તેને મદદ કરવા ઈચ્છીએ છીએ. આપણે કોઈકને મુશ્કેલીમાં જોઈએ છીએ અને તે માટે આપણે પણ દુ:ખ જેવું અનુભવીએ છીએ. ઉદાહરણ તરીકે, જ્યારે આપણે બસમાં મુસાફરી કરતા હોઈએ છીએ, ત્યારે આપણે કોઈ ગર્ભવતી મહિલાને જોઈએ છીએ ત્યારે આપણે તરત જ ઊભા થઈ જઈએ છીએ અને આપણી બેઠક તેણીને બેસવા આપીએ છીએ. તે કરુણાળુ ભાવ છે. દરેક નાનામાં નાનું કામ જે આપણે દિવસભરમાં મદદ કરવા કરીએ છીએ, તે આપણી નકારાત્મક લાગણીઓ સરભર કરે છે. આ એક ઉત્તમ મારણ છે જે આપણે પહેલા ભારે સામાન ઊંચકતા હતા તેની સામેનું અને તે આપણી ઝડપી જીવનની મુસાફરીને ધીમી પાડે છે.

ઈસુએ ટોળાને પાળક વગરના જોયા. માર્ક ૬.૩૪. ત્યારે કરુણાથી ઈસુનું હૃદય ભરાઈ આવ્યું હતું. તેમણે માત્ર તેઓની આત્મિક ભૂખ જ મટાડી ન હતી, પણ તેમની શારિરીક ભૂખ પણ સંતોષી હતી. માર્ક ૬:૩૭-૪૪. જ્યારે ઈબ્રામે જાણ્યું કે ઈશ્વર સદોમનો નાશ કરવાના છે, ત્યારે તે સદોમના ન્યાયી માણસો માટે કરુણાથી ભરાઈ ગયો અને ઈશ્વરને આજીજી કરવાની શરૂઆત કરવા લાગ્યો હતો. ઈબ્રામે વિનંતી કરી કે જો સદોમમાં ૫૦ ન્યાયીઓ હોય તો તેઓ તેને બચાવશે કે નહિ. ઈશ્વર સહમત થયા કે જો સદોમમાં ૫૦ ન્યાયી માણસો જડે તો તેઓ તેનો નાશ નહિ કરે. પણ ઈબ્રામે ઈશ્વર સાથેની તેની આજીજી કરવાનું ચાલુ રાખ્યું હતું. ઈબ્રામ જાણતો હતો કે સદોમમાં ૫૦ ન્યાયી લોકો નથી. તેથી સંખ્યા ઓછી થતી ગઈ – ૪૫, ૪૦, ૩૫ અને છેલ્લે ૧૦ સુધી. આ કરુણા છે.

## ૩. માફી બક્ષતો આત્મા

માયાળુંપણું અને કરુણાપણું સ્વાભાવીક રીતે આપણને બીજાઓને માફી બક્ષવા તરફ દોરી લઈ જાય છે. માફી આપવી તે આપણા સર્વ સંબંધો, પરનો આધાર ખડક છે. ખ્રિસ્તી વિશ્વાસીઓનો માફી આપનાર આત્મા તે એક અનિવાર્ય પાસુ છે કારણ કે વિશ્વાસીઓ માફી આપનાર લોકો છે. કડવાશ, ક્રોધ, કોપ, ઘોઘાંટ, નિંદા અને ખુન્નસ આ તે રીતો છે જ્યારે આપણે લોકોને દુ:ખી કરીએ છીએ. આના પ્રત્યેની આપણી પ્રતિક્રિયાઓ વિનાશક વર્તન અથવા વિનાશક વાણી તરીકે બહાર આવે છે. તે ક્ષણે આપણે અનુભવતા નથી કે આ તરતની પ્રતિક્રિયાઓ આપણા સંબંધોને બગાડે છે. જે લોકોએ આપણને નુકસાન પહોંચાડ્યું છે તેમને માફ કરવા આપણા તુટેલા કે ખેંચાયેલા સંબંધોને ફરી સ્થાપિત કરવા માટેનો તે એક માત્ર માર્ગ છે. તેથી આખો ફકરો જેનો આપણે અભ્યાસ કરી રહ્યા છે, તેનો સારાંશ એક શબ્દમાં આપી શકાય – **માફી બક્ષવી**.

પાઉલ કહે છે કે આપણે માફી આપવી જોઈએ કેમ કે ઈશ્વરે આપણા પાપ માફ કર્યા છે. તેમણે આપણો ઉદ્ધાર કર્યો છે, અને આપણને માફ કર્યા છે. એફેસીઓને પત્ર ૧:૭. આ માફી આપવી તે આપણા ઈશ્વર સાથેના સંબંધનું કેન્દ્ર બિન્દુ છે. ઈશ્વરે આપણા પાપો ભૂસી નાખ્યા છે, આપણા પરનો તેમનો કોપ દૂર કર્યો છે, અને આપણને મરણમાંથી જીવનમાં ઉઠાડ્યા છે. તેઓ આપણા પ્રત્યે અતિ ભલા અને દયાળું છે. અને હવે આપણે ખ્રિસ્ત મારફત એક સુરક્ષિત અને ભવ્ય ભવિષ્ય તરફ જઈ રહ્યા છે. કેમ કે ઈશ્વરે આપણને માફ કર્યા છે, તેથી આપણી પાસે કારણ છે – અને સામર્થ્ય છે – બીજાઓને માફ કરવા માટે. જ્યારે ઈશ્વરે આપણા પાપો ભૂસી નાખ્યા છે અને ખ્રિસ્ત મારફત આપણને પવિત્ર અન નિષ્કલંક કર્યા છે, ત્યારે આપણે પણ બીજાઓ સાથે તેવું જ કરવું જોઈએ, આપણા ખોટા ખાતામાંથી પાપો ભૂસી નાખવા. પાઉલ આપણને વિનંતી કરે છે, ''દેવનું અનુકરણ કરનારાં' થવા માટે, ''અને પ્રેમમાં ચાલવા, જેમ ખ્રિસ્તે તમારા પર પ્રીતિ રાખી અને દેવની આગળ સુવાસને અર્થે, આપણી ખાતર સ્વાર્પણ કરીને પોતાનું બલિદાન આપ્યું તેમ.'' એફસીઓને પત્ર ૫:૧,૨. આપણા જીવનોમાં ઈશ્વરનું અનુકરણ કરવા માટે આપણે પણ માફી આપવાનો આત્મા આત્મસાત કરવો જોઈએ.

માફી ન આપનાર સ્વભાવ આપણી મુસાફરીને ઘણો ભારરૂપ બનાવી દે છે. તે આપણને નીચે પાડી નાખે છે અને આપણને આગળ વધવા દેતો નથી. માફી આપવી તે એક મૂળભૂત ખ્રિસ્તી ગુણોમાંનો એક છે. આપણા પાપો માટે માફી મેળવ્યા પછી અને પાપના કુદરતી પરિણામોથી રાહત મેળવ્યા પછી, આપણે આપણી સામે બીજાઓના પાપોને અને ગેરસમજને માફ કરવા માટે બંધાયેલા છીએ. જો આપણે માફ કરતા નથી તો આપણને આપણી જાતને વિશ્વાસીઓ તરીકે જાહેર કરવાનો કોઈ હક નથી. ઈસુ ખ્રિસ્તે માથ્થી ૬:૧૪,૧૫માં આપણને માફી આપવા વિશે શીખવ્યું છે. ''**અને જ્યારે જ્યારે તમે ઊભા રહીને પ્રાર્થના કરો છો, ત્યારે ત્યારે જો કોઈ તમારો અપરાધી હોય, તો તેને માફ કરો; એ માટે કે તમારો બાપ જે આકાશમાં છે, તે પણ તમારા અપરાધો તમને માફ કરે.**'' માર્ક ૧૧:૨૫. તે જ સમયે, આપણે આપણા મનમાં સમજવું જોઈએ કે ઈશ્વરે આપણને માફ એટલા માટે નથી કર્યા કે આપણ બીજાઓને માપ કર્યા છે, પણ ફક્ત તેમની મહાન દયા, ભલાઈને કારણે. માફ ન કરનારો આત્મા છ અનિચ્છનીય સામાન તરફ આપણને દોરી લઈ જાય છે, જે વિશે આપણે આગળ ચર્ચા કરી હતી. કેવી રીતે માફી આપવી અને ભૂલી જવું તે ખ્રિસ્તી સુખી જીવનના રહસ્યોમાંની એક બાબત છે.

**ચોથું પગલું** છે, આપણી આંખો ઈસુ પર સ્થિર રાખવી, જેઓ વિશ્વાસના અગ્રેસર અને તેને સંપૂર્ણ કરનાર છે, તેમના પર રાખવી, અને આપણી જીવનની મુસાફરી ચાલુ રાખવી. પવિત્ર બાઈબલની કીંગ જેમ્સ આવૃતિ આપણને પ્રોત્સાહન આપે છે. હિબ્રૂઓના પત્રના ૧૨:૧માં આપણે વાંચીએ છીએ. ''**તો આપણી આસપાસ શાહેદોની એટલી મોટી વાદળરૂપ ભીડ છે, માટે આપણે પણ દરેક જાતનો બોજો તથા વળગી રહેનાર પાપ નાખી દઈએ, અને આપણે સારું ઠરાવેલી શરતમાં ધીરજથી દોડીએ.**'' (કેજેવ્હી). મેં ઈરાદાપૂર્વક કીંગ જેમ્સ આવૃતિ પસંદ કરી છે કેમ કે આ આવૃતિમાં 'બોજો'' શબ્દ

પાન ૯ પર આગળ...


## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

HE CHANGES MY LIFE!

## તેમણે મારું જીવન બદલી નાખ્યું!

"તે ધૂળમાંથી રાંકને ઉઠાવી લે છે, અને ઉકરડા ઉપરથી દરિદ્રીને ચઢતીમાં લાવે છે." - ગીતશાસ્ત્ર ૧૧૩.૭.

મારી નોકરીના કલાકો ઉપરાંત, જે સમય મને મળતો હતો, તે દરમિયાન હું મોફત ટ્રાક વહેંચતો હતો, અંગત સુવાર્તા પ્રચાર કરતો હતો અને જેમ ઈશ્વર મને સહાય કરે તે રીતે અસરકારક રીતે, નાની રીતે સુવાર્તા સભાઓ લેતો હતો.

મારા વહાલા મિત્રો, ભાઈ ડી. ડબ્લ્યુ દેવાકાંથાન અને ભાઈ આર. ઈ. જેયારાજ, જેઓ મારી સાથે કામ કરતા હતા, તેઓ ૧૯૭૧માં એક દિવસ મારી પાસે આવ્યા અને મને કહ્યું, "તમે આ કાર્યાલયમાં એક અલગ વ્યક્તિ હોય એમ લાગો છો. અમે/હું તમારામાં કંઈક ખાસ જોઉં છું!! કારણ શું છે? શું તમે ખ્રિસ્તી છો?" મેં જવાબ આપ્યો, "હા! હું એ ઈશ્વરનું બાળક છું જેને સર્વશક્તિમાન પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા બચાવવામાં આવ્યો છે, જેમણે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યા છે." તેમણે ફરીથી કહ્યું, "તમે ચપળ માણસ છો! શું તમે હજી પણ તારણના અનુભવમાં છો?" મેં કહ્યું, "હા". તેમણે મને આલિંગન આપ્યું અને પૂછ્યું કે હું રવિવારે સવારે તેમના પાળકને મળવા ભાઈ ડી. ડબ્લ્યુ દેવાકાંથાન સાથે આવી શકીશ કે?" મેં તેમની સાથે જવાનું સ્વીકાર્યું. તેથી ભાઈ ડી. ડબ્લ્યુ દેવાકાંથાને મને તેમની બાઈસિકલ પર પાછલી બેઠક પર બેસાડ્યો અને ડિસેમ્બર ૧૯૭૧માં માનનીય એપોસ્ટોલીક ક્રિશ્ચિયન એસેમ્બ્લીના મુખ્ય પાળક જી. સુંદરમ પાસે લઈ ગયા અને સહાયક પાળક એમ. કે. સુંદરમ પાસે પણ.




ભાઈ ડી. ડબ્લ્યુ દેવાકાંથાન

જે વાર્તાલાપ મુખ્ય પાળક જી. સુંદરમ સાથે થયો હતો, તે હું ક્યારેય ભૂલી શકીશ નહિ. તેમનું સુંદર વ્યક્તિમત્વ સ્મિત, અને તેમના કાળજીભર્યા શબ્દો અને તેમની જવાબદારીઓએ મને મારા પોતાના પિતા સાથેના સંબંધોની યાદ અપાવી હતી. તેથી મેં તેમને કહ્યું, "હું પણ તમારી જેમ બદલાણ પામવા માગું છું." તેમણે મને બાથમાં લીધો અને મને ચૂંબન કર્યું અને કહ્યું, "તમારે આ લક્ષ પ્રાપ્ત કરવા માટે કદાચ મોટી કિંમત ચૂકવી પડશે અને સખત જીવન પણ જીવવું પડશે." મેં જવાબ આપ્યો "હું સંપૂર્ણ હૃદય સાથે તે કરીશ." તે દિવસથી જ, હું તેમની મંડળીમાં એક મજબૂત સભ્ય બન્યો અને મને સેવાના જૂથમાં સામેલ કરવામાં આવ્યો. તેઓ મંડળીમાં જે સંદેશો આપતા હતા તેનાથી અને તેમની પ્રવૃતિઓએ મને ઘણો આકર્ષિત કર્યો હતો.



મુખ્ય પાળક જી. સુંદરમ



સહાયક પાળક એમ. કે. સુંદરમ

હું સહાયક પાળક એમ. કે. સુંદરમ સાથે પણ કામ કરતો હતો અને તેમની સેવામાં મારો સરળ રીતોએ ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમણે મને શીખવ્યું અને મને ટકાવી રાખ્યો મારો પરિચય, તે ચર્ચના ઈશ્વરના સેવકો જેવા કે ભાઈ વિક્ટોર સ્વામીદોસ (રેલ્વે), ભાઈ એ સેલ્વરાજ (જાહેર કાર્ય વિભાગ), સુવાર્તિક જેયમોહન (શિક્ષક) અને સુવાર્તિક એન. જીવાનંદમ સાથે કરાવવામાં આવ્યો હતો. તેઓએ મને આત્મિક રીતે આગળ વધવામાં સહાય કરી હતી.



ભાઈ વિક્ટોર સ્વામીદોસ

૧૯૭૨માં પાળક જી. સુંદરમના હસ્તે મને બાપ્તિસ્મા આપવામાં આવ્યું હતું અને ૨૬ ડિસેમ્બર ૧૯૭૭ના રોજ મને પાળક એમ. કે. સુંદરમ અને દક્ષિણ આફ્રિકાના પાળક રૂબેન તિમોથીની હાજરીમાં સેવક તરીકેની દીક્ષા આપવામાં આવી હતી.



પાળક સામ સેલ્વ રાજ સમન્વય – ૧૯૭૭

પાળક જી. સુંદરમે મને પાળક આનંદ સાથે, જે લોકો ચર્ચની ભજનસેવામાં આવે છે, તેમના ચપ્પલો અને બૂટોની કાળજી રાખવાના કામમાં મૂક્યો હતો.

સામાન્ય રીતે, જે લોકો ચર્ચની ભજનસેવામાં હાજરી આપે છે, તેઓ તેમના ચપ્પલો અને બૂટો ચર્ચની બહાર લાકડાની અભરાઈ પર



મૂકે છે અને ભજનસેવા પછી પાછા લઈ જાય છે. અમે બન્ને સભ્યોના ચપ્પલો અને બૂટો માટેની સલામતી માટે અને પાછા આપવા માટે જવાબદાર હતા.



પાળક આનંદ હવે ચેન્નાઈના એપોસ્ટોલિક ચર્ચ એસેમ્બલી, કરૂણાનીધી કલાઈવનાર નગરના એક મોટા ચર્ચના આત્મિક આગેવાન અને વડિલ પાળક છે. તેઓ મારા ચર્ચમાં ઉપદેશ આપવા આવતા હતા, અને લેકચરર તરીકે અને આમંત્રિત વક્તા તરીકે મારા ચર્ચોમાં અને નહેમ્યા બાઈબલ કોલેજમાં પણ આવતા હતા. તેમણે મને મિનિસ્ટ્રીમાં વિવિધ રીતોએ સહાયતા કરી છે. તે નોંધવું મહત્વનું છે કે હું એક નાના ચર્ચનો પાળક હતો અને ઈશ્વર પ્રભુએ મને એક બાઈબલ કોલેજ ચલાવવા ઉપર ઉઠાવ્યો છે, જ્યાં મને આ મોટા માણસોની સેવાઓનો લાહવો મળ્યો હતો.



**પાળક એસ. આનંદ**

જેમ આગળ જણાવ્યુ હતુ તેમ, ઈશ્વર પ્રભુએ એક ખ્રિસ્તી માસિક સામયિક, જેનું શીર્ષક છે, **''ઈકો ઓફ હીઝ કોલ''**ને અલગ અલગ ભાષાઓમાં પ્રકાશિત કરવામાં મને સહાય કરી છે. જ્યારે મને ઈશ્વરની સેવામાં દીક્ષા આપવામાં આવી, ત્યારે ઈશ્વરે મન થોડાક સ્થાનિક ચર્ચોને સહાય કરવામાં સક્ષમ કર્યો અને ચેપોકમાં એક નાનું ચર્ચ શરૂ કરવામાં સહાય કરી હતી, જે ચૈન્નાઈ શહેરમાં એક દુર્ગમ વિસ્તારમાં છે, જ્યાં પહોંચવું, મુશ્કેલ હતુ. હાલમાં અમારું મુખ્ય ચર્ચ તે વિસ્તારમાં કાર્યરત છે.

જો કે હું સખત મહેનત કરું છુ અને સતત પ્રાર્થના કર્યા કરું છું, તોપણ હું નવા આત્માઓ મેળવી શકતો નહતો. હું મક્કમ હતો કે મારે બીજા ચર્ચોના સભ્યોને લલચાવવા ન જોઈએ અને તેમને મારા ચર્ચના સભ્યો કરવા ન જોઈએ. હું હમેશાં ઘેટાં ચોરવાની વિરુદ્ધ છું. મારા ચર્ચના પ્રથમ પાંચ વર્ષો સુધી મારી પત્નિ અને મારી દીકરી જ સભ્યો હતા. હું તેમને ઉપદેશ કરતો હતો અને તેઓ દર રવિવારે સવારે મારા સંદેશાઓ સાંભળતા અને સાંજે ચેપોકની, ચેન્નાઈની ગલીઓમાં, જેમના નામ છે, અકબર સાહીબ ગલી, મોટી ગલી, સી. એન. ક્રિષ્ણાસ્વામી રોડ, વગેરે, સ્થળોએ પ્રચાર કરતો હતો. અમે ગલી પ્રચારમાં સામેલ રહેતા હતા અને હોસ્પિટલોમાં માંદાઓની અને ગલીઓમાંના ગરીબ લોકોની મુલાકાતો લેતા હતા. અમે કુટુંબ તરીકે અમારી આવકો ઈશ્વરની સેવામાં વાપરતા હતા અને તેને લીધે ઘણી વખત અમારે ભૂખ્યા રહેવું પડતું હતું.





કેમ કે એર્કોડીયન (સંગીત વાજીંત્ર) વગાડવાની ટેવ હતી, તેથી તે મકાનના માલિક અમને પસંદ કરતા ન હતા, એમ કહીને કે, જ્યારે પણ હું મારું વાજીંત્ર વગાડું છું અને પ્રભુ ઈસુ ખ્રિસ્તના મહિમા માટે ગીતો ગાઉં છું ત્યારે તેમના દેવા સક્રિય થતા નથી. તેથી મકાન માલિકોએ મને તે ખાસ બીન-ખ્રિસ્તી વિસ્તારમાં મારું રહેઠાણ અને ચર્ચ સ્થળ અલગ અલગ સ્થળોએ બદલવાની ફરજ પાડી હતી. ***



(પાન ૭ પરથી આગળ...)

વાપરવામાં આવ્યો છે. જો આપણે ઈસુ પર લક્ષ કેંદ્રિત કરીશું તો આપણે આપણી દોડ દોડી શકીશું અને તેને પૂરી કરી શકીશું. જે રમતવીર દોડમાં દોડે છે, તે ઓછામાં ઓછા પૂરતા કપડા પહેરે છે. આપણે રમતવીરને પૂર્ણ કપડા પહેરતા ક્યારેય જોતા નથી. આવા કપડા તેમને ઝડપથી દોડવામાં અવરોધશે અને તે તેની અંતિમ રેખા સુધી પહોંચી શકશે નહિ. તેથી હિબ્રૂઓના પત્રનો લેખક પણ આપણને દરેક **ભાર અને પાપને** - કડવાશ, ક્રોધ, કોપ, ઘોંઘાટ, નિંદા અને ખુન્નસને - બાજુ પર મૂકવાની સલાહ આપે છે, પણ માયાળુપણું કરુણાપણું અને માફી બક્ષનાર તરીકે દોડવાનું ચાલું રાખવાનું વલણ અપનાવવા કહે છે. જૂના કરારના નાયકોની સાથે સાથે, આપણને અનુસરવા માટે આધુનિક નાયકો પણ છે - સાધુ સુંદરસિંગ, જીંગેનબાલ્ગ, પંડિતા રમાબાઈ, વિલ્યમ કેરી, બિશપ બી. એસ. અઝાર્યાહ અને ગ્રેહામ સ્ટેઈન, જેઓએ તેમની દોડ સારી રીતે પૂરી કરી હતી, આપણી માતૃભૂમિમાં સેવાઓ આપી હતી અને આપણ ભારતીયો માટે મૃત્યુ પામ્યા હતા.

આપણે ૨૦૨૩ના નવા વર્ષમાં ઠરાવો સાથે શરૂઆત કરીએ છીએ. આવો આપણે આ અપંગ કરનારા બોજાને ઉતારી દઈએ અને આપણી ખ્રિસ્તી મુસાફરી સંપૂર્ણ વિજય સાથે પૂરી કરીએ અને અંતે પાઉલની સાથે નીડરતાથી જાહેર કરીએ... હું મારી લડાઈ લડ્યો છું, મેં દોડ પૂરી કરી છે, વિશ્વાસ રાખ્યો છે, હવે મારે સારું ન્યાયીપણાનો મુગટ રાખી મૂકેલો છે તે તે દહાડે પ્રભુ જે અદલ ઈનસાફ કરનાર ન્યાયાધીશ છે તે મને આપશે; અને કેવળ મને નહિ, પણ જે સર્વ તેના પ્રગટ થવાની ઈચ્છા


## જોઈએ છે

**અમને મિનિસ્ટ્રી માટે સારી દ્રષ્ટિ અને સમર્પણ ધરાવતા નીચેના સ્ટાફની જરૂર છે.**

- કોમ્પ્યુટર જ્ઞાન સાથેના કાર્યાલયીન કર્મચારીઓ.
- છાપખાના તથા કાર્યાલય માટે કાર્યાલયીન સહાયકો.
- કાર્યાલય જાળવણી નિરીક્ષકો.
- સહાયક પાળકો.
- સુવાર્તિકો.
- બાઈબલ કોલેજના આચાર્ય (શિક્ષણિક).
- સુરક્ષા રક્ષક.
- વાહન ચાલકો.

**કૃપયા સંપર્ક : ઈકો ઓફ હીઝ કોલ મો. ૯૮૪૭૧૮૫૮૧૦**

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

રાખે છે, તેઓને પણ આપશે.'' ૨ તિમોથીને પત્ર ૪:૭,૮.

**આ નવા વરસના ઠરાવો પર વિચાર કરો, પ્રાર્થના કરો અને તેમને તમારા જીવનોમાં અપનાવો અને ઓછા સામાન સાથે ૨૦૨૩ના નવા આશીર્વાદિત વર્ષમાં આગળ વધો. ઈશ્વર તમને આશીર્વાદ આપો.**

*********

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

E.mail : sam@echoofhiscall.org

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
**Postal Regn. No. TN/CH/(C)/203/21-23**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 16th JANUARY 2023**
**If un-delivered please return to:**
**ECHO OF HIS CALL (GUJARATI)**
**P.O. Box No. 2957,**
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**